# ટૂંકી મુદતની જાહેર નિવિદા

સને–૨૦૧૭ ના અંતમાં યોજનાર વિધાનસભા સામાન્ય ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવામાં આવનાર EVM (ઈલેકટ્રોનિક વોટીંગ મશીન) અને VVPAT (વોટર વેરીફાએબલ પેપર ઓડિટ ટ્રેઈલ સીસ્ટમ) મશીનો (મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ગોવા વિગેરે)જુદા જુદા રાજયોમાંથી સુરત ખાતે લાવવામાં આવનાર હોય, તે માટે ભારતના ચૂંટણી પંચ તરફથી આપેલ સુચનાઓ ધ્યાને લઈ, મુખ્ય નિર્વાચિન અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગર તરફથી EVM/ VVPAT ના પરિવહન માટે Transport Corporation of India ના બંધ બોડીના ટ્રકોમાં GPS system સહિતના ટ્રાન્સપોર્ટેશન અંગેના ભાવો નકકી કરવા તથા તે અંગેની એજન્સી નકકી કરવા સુચના આપવામાં આવેલ છે. જે અંતર્ગત ઉકત જણાવેલ જુદા–જુદા રાજયોમાંથી EVM અને VVPAT ટ્રાન્સપોર્ટ કરવાનો અનુભવ ધરાવતાં ઈચ્છુક ટ્રાન્સપોર્ટરો પાસેથી તા.૧૧/૭/૨૦૧૭ ના બપોરના ૧૫–૦૦ કલાક સુધી આ ટુંકી મુદતની જાહેર નિવિદાથી બંધ બોડીના કન્ટ્રેઈનર ટાઈપ સીલ થઈ શકે તેવા દરવાજાવાળા GPS system લગાવેલ વાહનોના લોડીંગ તથા અનલોડીંગ સાથેના પ્રતિ કી.મી.ના ભાવ મંગાવવામાં આવે છે.

ઉપર્યુકત જાહેર નિવિદા માટે અરજી કરવાનું નિયત ફોર્મ તથા નિવિદા માટેની શરતોનું ફોર્મ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, બી–૧, જીલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧–૦૦ કલાકે થી સાંજના ૫–૦૦ કલાક સુધીમાં મેળવી શકાશે.

આ સમગ્ર જાહેર નિવિદા, શરતો અને ફોર્મ કલેકટર, સુરતની વેબસાઈટ collectorsurat.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

નં. ચટણ–૧/ EVM /જાહેર નિવિદા/૨૦૧૭
સુરત. તા.૦૪/૦૭/૨૦૧૭

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર, સુરત

F:\RAJ-ELC-16\EVM Conflit.docx

## —: ટેન્ડર ફોર્મ :—

**વિધાનસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૭ના કામે જુદા–જુદા રાજ્યોમાંથી EVM અને VVPAT લાવવા માટેની ટ્રાન્સપોર્ટ સેવા પુરી પાડવા માટેનું ફોર્મ**

**પરિશિષ્ટ–૧**

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડર ભરનાર પેઢીનું નામ તથા સરનામું | :- | |
| ૨. | ટેન્ડર ભરનાર પેઢીના માલિક/ભાગદારોના નામ તથા ટેલીફોન નંબર | 1. | |
| | | 2. | |
| | | 3. | |
| | | 4. | |
| ૩. | ટેન્ડર ભરનાર પેઢીનો ટેલીફોન નંબર (STD કોડ સાથે) | :- | |
| ૪. | સર્વિસ ટેક્ષ રજીસ્ટર નંબર | :- | |
| ૫. | જી.એસ.ટી. રજીસ્ટર નંબર | :- | |
| ૬. | PAN TAN No | :- | |
| ૭. | TAN No | :- | |
| ૮. | આ પ્રકારની કામગીરી અગાઉ કરેલ હોય તો તેના અનુભવની વિગતો | 1. | |
| | | 2. | |
| | | 3. | |
| | | 4. | |
| ૯. | કવોલીટી સર્ટીફીકેટ–ISO મેળવેલ હોય તો તેનો નંબર | : | |

**સહી:–**

**સ્થળ:–**

**પેઢી/કંપનીનુ નામ:–**

**તારીખ:–**

**પેઢી / કંપની નો સિક્કો:–**

# પરિશિષ્ટ–૨

વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે જે રાજયો માંથી EVM અને VVPAT લાવવા માટેના ભાવપત્રકો નીચેની વિગતે ભરવાના રહેશે.

**VVPATs માટે**

| ક્રમ | રાજયનું નામ | વાહનનો પ્રકાર | એક વાહનનું ભાડુ પ્રતિ કી.મી. દર | એક વાહનનું લોડીગ/ અનલોડીગ ચાર્જ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઉત્તરપ્રદેશ | બંધ બોડીનું સીલ થઈ શકે તેવું કન્ટેઈનર/વાહન | | |
| ૨ | મધ્યપ્રદેશ | | | |
| ૩ | રાજસ્થાન | | | |
| ૪ | કર્ણાટક + બેંગલોર (BEL Production Unit) | | | |
| ૫ | તામીલનાડુ | | | |
| ૬ | ઝારખંડ | | | |
| ૭ | દિલ્હી | | | |
| ૮ | ઉતરાખંડ | | | |
| ૯ | ગોવા | | | |
| ૧૦ | પશ્ચિમ બંગાળ | | | |
| ૧૧ | પંજાબ | | | |
| ૧૨ | હરિયાણા | | | |
| ૧૩ | હૈદારાબાદ (ECIL Production Unit) | | | |

**EVMs (B.U. + C.U.) માટે**

| ક્રમ | રાજયનું નામ | વાહનનો પ્રકાર | એક વાહનનું ભાડુ પ્રતિ કી.મી. દર | એક વાહનનું લોડીગ/ અનલોડીગ ચાર્જ |
|---|---|---|---|---|
| ૧ | મહારાષ્ટ્ર | | | |
| ૨ | પંજાબ | | | |
| ૩ | ઉત્તરપ્રદેશ | | | |
| ૪ | મધ્યપ્રદેશ | | | |

**સ્થળ:–** **સહી:–**

**પેઢી/ કું. નુ નામ:–**

**તારીખ:–** **પેઢી / કું.નો સિક્કો:–**

# <u>પરિશિષ્ટ–૩</u>

વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે જે રાજયો માંથી EVM અને VVPAT લાવવા માટેના ભાવપત્રકો ભરવા માટેની ટેન્ડરની શરતો નીચે મુજબ રહેશે.

**<u>શરતો</u>**

૧ નિવિદા ભરનારને આ પ્રકારની ઈવીએમની આંતરરાજય હેરફેર કરવાનો અનુભવ હોવો જોઈએ અને તેણે એ મતલબના અનુભવના દસ્તાવેજો / પ્રમાણપત્ર નિવિદા સાથે જોડવાના રહેશે.

૨ ભાવો એક કન્ટેઈનર ટાઈપ વાહન દીઠ પ્રતિ કીલોમીટર લેખે દર્શાવવાના રહેશે તથા વાહન દીઠ લોડીગ/અનલોડીગનો ચાર્જ કોલમ નં.૫ માં દર્શાવવાનો રહેશે.

૩ વાહન નેશનલ પરમિટ ધરાવતું હોવું જોઈએ તથા વાહન અને તેમાં રહેલ માલસામાનનું પણ સંપુર્ણ વીમાનું કવરેજ હોવું જોઈએ તથા ડ્રાઈવર પાસે નિયમોનુસારનું લાયસન્સ હોવું જોઈએ.

૪ જે રાજયમાં કહેવામાં આવે તે રાજયમાં વાહન જણાવવામાં આવે તે સમયમર્યાદામાં પુરુ પાડવાનું રહેશે. અને તેવા વાહનની સંખ્યા સંબંધીત વાહન પુરુ પાડનાર કે તેના પ્રતિનિધિએ સબંધિત સ્થળે રૂબરૂ મુલાકાત લઈ ખાત્રી કરી, જરૂરીયાત મુજબના વાહનની વ્યવસ્થા કરવાની રહેશે.

૫ વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો તથા ડ્રાઈવર તથા કલીનરના ભાડા–ભથ્થા, પગારનો સમાવેશ થયેલો ગણાશે. એટલે કે કોઈપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ,ટોલટેક્ષની રકમ અલગથી આકારવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રીક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તથા તેની વેકલ્પિક વ્યવસ્થા સદર નિયમોને આધિન તાત્કાલિક કરી આપવાની રહેશે.

૬ EVM લેવા માટે અત્રેથી નિમણૂંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સબંધીત અધિકારી કે અધિકારીના વાહન તે વાહન કે વાહનોની સાથે જ રહેશે. ડ્રાઈવર પોતાની મરજી મુજબ કે મનસુફીનો રુટ નકકી કરીને ચાલી શકશે નહી.

૭ વાહનના ડ્રાઈવર તથા કલીનરનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાકટ લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચુકવણું કરવાનું રહેશે નહી.

૮ તમામ વાહનો ઉપર GPS લગાવવાના રહેશે.

૯ બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરુરી છે. એટલે કે તેનું સીલીગ થઈ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

૧૦ B.U. અને C.U. એ અલગ અલગ પેટીમાં રાખવામાં આવશે. જે એક પેટીમાં ૧૦ (દશ) B.U. રહેશે તે પેટીનું માપ આશરે ૪૨" X ૨૫" X૧૭" રહેશે અને જે એક પેટીમાં ૧૦(દશ) C.U. રહેશે તે પેટીનું માપ આશરે ૩૩.૫" X ૨૪" X ૧૭" રહેશે તથા VVPAT નું એક યુનીટ એક એલ્યુમીનીયમની પેટીમાં આવશે જે એલ્યુમીનીયમની પેટીનું માપ ૨૦" X ૧૨" X ૧૮" રહેશે જે મુજબ વાહનોની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧ ભાવપત્રક જે પેઢી / કંપનીનું મંજુર થાય તે પેઢીએ કામગીરી સંતોષકારક રીતે પુર્ણ થાય ત્યાં સુધી ટેન્ડર/ખર્ચ સમિતી જે નકકી કરે તે ડીપોઝીટ જમા કરાવવાની રહેશે અને સમિતિ નકકી કરેલ તે મુજબનું એગ્રીમેન્ટ જરૂરી સ્ટેમ્પ ઉપર કરી આપવાનું રહેશે.

૧૨ ટ્રાન્સપોર્ટરો પોતાના ભાવ તા.૧૧/૭/૧૭ ના બપોરે ૩.૦૦ કલાક પહેલા ચુંટણી શાખા, બી બ્લોક પહેલો માળ, જિલ્લા સેવા સદન–ર, અઠવાલાઈન્સ, સુરત ખાતે રજી.એ.ડી., કુરીયર અથવા રુબરુ સીલબંધ કવરમાં પહોંચાડવાના રહેશે.

૧૩ નિર્ણય માત્ર ભાવના આધારે લેવામાં નહી આવે પરંતુ વાહનની સ્થિતિ અને કામગીરીનો અનુભવ તથા EVMs અને VVPATs ની સુરક્ષાની બાબત ધ્યાને લઈ અગ્રતાક્રમ આપવામાં આવશે.

૧૪ ભાવપત્રક મંજુર કરવાનો આખરી નિર્ણય ટેન્ડર/ખર્ચ સમિતિ સુરત ધ્વારા લેવામાં આવશે. તે અંગે કોઈ વાંધા કે તકરાર લઈ શકાશે નહિ.

૧૫ ટેન્ડર ફોર્મ સાથે " નોન– રીફન્ડેબલ ટેન્ડર ફી " ની રકમ રૂા. ૧૫૦૦/– " ૦૦૭૦– બીજી વહીવટી સેવાઓ " સદરે અધિકૃત બેંકમાં જમા કરાવી, અસલ ચલણ ટેન્ડર સાથે સામેલ કરવાનું રહેશે.

ભાવપત્રક સાથેની શરતો મેં વાંચેલ છે અને તેનું પાલન કરવા અને તે સબંધી કરારનામું કરવા બાંહેધરી આપું છુ

**સહીઃ–**

**સ્થળઃ–**

**તારીખઃ–**

**પેઢી/ કંપની નુ નામઃ–**

**પેઢી / કંપની નો સિકકોઃ–**